તાજપુર ગામે જાહેર શૌચાલયના અભાવે ગ્રામજનો પરેશાન

પ્રાંતિજ, તા. ૩

હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈ-વેપર તાજપુર કુઈ ખાતે એક પણ જાહેર શૌચાલય ન હોવાના કારણે અસંખ્ય લોકો જાહેરમાં શૌચક્રિયા કરે છે. પરિણામે ઠેર-ઠેર ગંદકી જોવા મળે છે. સરકારના સ્વચ્છતા અભિયાનનો ફિયાસ્કો અહી જોવા મળે છે.

નેશનલ હાઈ-વે નં. ૮ પર પ્રાંતિજ નજીક તાજપુર કૂઈ ગામ આવેલુ છે. જ્યાં બસસ્ટેન્ડ અને મુખ્ય બજારમાં એક પણ જાહેર શૌચાલય નથી. પરિણામે સ્થાનિક રહીશોએ જાહેરમાં શૌચક્રિયા માટે જાય છે. આથી જાહેરમાં ગંદકી થઈ રહી છે. તંત્રના અધિકારીઓ અને નેતાઓ સ્વચ્છતાના બણગા ફુંકે છે ત્યારે તાજપુર કુઈ જેવા જાહેર ગામ બજારમાં તેમજ અન્ય સ્થળોએ શૌચાલયો બને સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારતનું સ્વપ્ન સાકાર થાય તેવું રહિશો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : બાબુભાઈ, વડાગામ)

વડાગામમાં ધાર્મિક કથાનો પ્રારંભ

વડાગામના છત્રિયા મહાદેવ મંદિર ખાતે ૯ દિવસ સુધી ભાવિકો માટે રામચરિત માનસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. વડાગામના છત્રિયા મહાદેવ મંદિર ખાતે તા. ૧ ડિસે. ૨૦૧૪ થી હમિરસિંહ રહેવર અને સરપંચ સૂર્યભાણ સિંહ રહેવરે રામચરિત માનસ કથાનો શુભારંભ કરાવ્યો છે. જેમાં કથાકાર જગદીશહરીજી તા. ૯ ડિસેમ્બર સુધી દરરોજ ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન કથાનું રસપાન કરાવશે. આ ધાર્મિક પ્રસંગે ભાવિક ભકતોને કથાનો લાભ લેવા આયોજકોએ આમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિશ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદની આજે ૧૩૧મી જન્મતિથિએ ગુજરાત વિધાનસભા પરિસરમાં તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.આ વેળાએ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, નાયબ મુખ્યદંડક શ્રી આત્મારામભાઈ પરમાર, ધારાસભ્યો, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને વિધાનસભા સચિવાલયના કર્મયોગીઓએ પણ ડૉ. રાજેન્દ્રપ્રસાદના તૈલચિત્ર આદરાંજલિ આપી હતી.

હળપતિ આવાસ યોજનાની સમીક્ષા બેઠકમાં ચર્ચા કરાઈ

૨૦ વર્ષ પહેલાના હળપતિઓના જર્જરીત થયેલ આવાસ સ્થાને પાકા આવાસ બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં વિવિધ આવાસ યોજનાઓ દ્વારા અતિગરીબ ૦થી ૧૬ ગુણાંક ધરાવતા બીપીએલ કુટુંબોના તમામ લાભાર્થીઓને ઘરના ઘરનું સપનું સાકાર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરુપે ૨૦ વર્ષ પહેલાના હળપતિઓના જર્જરીત આવાસોના સ્થાને નવા પાકા આવાસો બનાવવામાં આવશે તેમ પંચાયત, ગૃહનિર્માણ રાજ્યમંત્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું છે. ગાંધીનગર ખાતે હળપતિ આવાસ યોજનાની સમીક્ષા બેઠક આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ ગામીત અને ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

મંત્રી કવાડિયાએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે, સમાજનો છેવાડાના માનવીની આવાસની જરૂરિયાત પૂર્ણ કરવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગતિશીલ ગુજરાતના મંત્રને સાર્થક કરવા ખાસ લક્ષ્યાંકો નિયત કર્યા છે જે અંતર્ગત ભૂમિહીન હળપતિ મજુરો અને હળપતિ જાતિના લોકોને આવાસ સુવિધા પુરી પાડવાના લક્ષ્યાંકો ઝડપથી સિદ્ધ કરાશે અને ૨૦ વર્ષ જુના હળપતિઓના આવાસોની માત્ર સુધારણા જ નહીં પરંતુ વિવિધ જિલ્લામાં જે આવાસો જર્જરીત થઇ ગયા છે તેને તોડીને નવા આવાસો પૂરા પાડવામાં આવશે જે માટે પંચાયત ગ્રામ ગૃહનિર્માણ વિભાગ દ્વારા અમલી યોજના હેઠળ ૧૯૮૪થી ૧૯૯૦ સુધીમાં હળપતિ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ હળપતિઓના મકાનને બદલે સારી ગુણવત્તાવાળા મકાન અને ૧૭થી ૨૦ ગુણાંક વાળા ઘર વિહોણા હળપતિઓને સુવિધા યુક્ત મકાનની સુવિધાઓ અપાશે. તેમણે ઉમેર્યું હતું કે, આ અંગે વર્ષ ૨૦૧૨-૧૩માં રૂપિયા ૫૦ કરોડની જોગવાઈ કરાઈ હતી. આવાસોના નિર્માણ માટે ઘટતી રકમનું ફંડ જનભાગીદારી દ્વારા એકત્ર કરી કામગીરીને વેગવાન બનાવવા સૂચન કર્યું હતું.

શહેરના ઘ-માર્ગ પર સે. ૬ અપનાબજાર સામે એક જ દિવસમાં કાર ડિવાઈડર પર ચઢી જવાના બે કિસ્સા ઘટ્યા હતા. ગત મોડી રાત્રે ઝેન કારના ચાલકે પુરપાટ ઝડપે કાર લોકોને ચાલવા માટેની ફૂટપાથ પર દોડાવતા ભયનો માહોલ સર્જાયો હતો. આજે ફરી ત્યાં નજીકમાં જ મોઘીદાટ ઓડી કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા માર્ગની વચ્ચેના ડિવાઈડર પર કાર ચઢાવી દીધી હતી. (તસવીર : દર્શન મારૂ)

ચિલ્ડ્રન યુનિવર્સિટીના અભિનવ પ્રકલ્પ 'વિદ્યાવાન'

ગાંધીનગર, તા.૩

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા બાળકોને આકર્ષે તેવી કોમ્પ્યુટરથી સજ્જ 'વિદ્યા-વાન' નામની મીની બસ તૈયાર કરવામાં આવી છે. જે ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોની શાળામાં જઈને વિવિધ વિષયો પર અવનવી પ્રવૃત્તિ કરાવશે. આ વિદ્યાવાનનું તા. ૧લી ડિસેમ્બરે કુલપતિ હર્ષદભાઈ શાહ તથા એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યો ડૉ. ઘનશ્યામભાઈ રાવલ, ડૉ. સુજલ મુનશી તથા શ્રીમતી નીપાબહેન મહેતા દ્વારા વિધિવત ઉદઘાટન કરાયુ હતું. પ્રથમ દિવસે આ વિદ્યાવાન સે-૩૦/૨ની સરકારી શાળામાં પહોંચી હતી જયાં આ અભિનવ પ્રકલ્પના સંયોજકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાયોગિક ધોરણે અત્યારે આ વિદ્યાવાન લગભગ ૮ શાળાઓમાં જઈ વિદ્યાવાન તજજ્ઞો પ્રવૃત્તિઓ કરાવી અનૌપચારિક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનો રસપ્રદ વિકાસ કરશે.

'નેવી ડે' નિમિત્તે રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ 'નૌસેના દિવસ' ડિસેમ્બર તા. ૪ નિમિત્તે ભારતીય નૌસેનાના અધિકારીઓ અને નૌસૈનિક જે કર્મકૌશલ્ય, ત્યાગ અને રાષ્ટ્રભાવનાની સાથે માતૃભૂમિની સેવામાં સમર્પિત છે, તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

'નેવી ડે'નો સંદેશો પાઠવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે, ભારતના નિર્ણાયક વિજયમાં પરિણમેલા ભારતીય નૌસેનાના ૧૯૭૧માં પાકિસ્તાનના કરાંચી બંદર પરના સફળ હુમલાની વિજય સ્મૃતિમાં 'નેવી ડે' પ્રતિ વર્ષ ડિસેમ્બર ૪ ના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસ આપણને રાષ્ટ્રની દરિયાઈ સીમાના સંરક્ષણ કાજે આજની અદ્યતન ટેકનોલોજીના સાથે કદમ મિલાવનાર, ભારતીય નૌસેના નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમ અને ઉચ્ચતમ સમર્પણનું સ્મરણ કરાવે છે.

રિદ્રોલમાંથી બંધુઆ મજૂરોને મુક્ત કરાવાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના રિદ્રોલ ગામે વારાણસીના મજૂરોને આજે જિલ્લાતંત્રએ મુક્ત કરાવ્યા હતા.

વારાણસીના બંધુઆ મજૂરોને રિદ્રોલના બે કારખાનાઓમાં લાવ્યા હતા. આ મજૂરો જ્યારે વતનમાં જવાની ઈચ્છા વ્યક્ત કરતા ત્યારે તેમના પરિવારના એક સભ્યને ફરજીયાત અહિ રોકાઈ રહેવુ પડતુ હતુ. આ બાબતે તંત્રને મળેલ ફરિયાદને પગલે હરકતમાં આવેલ વહીવટીતંત્રએ તાત્કાલિક સર્ચ ઓપરેશન હાથ ધરીને આ મજૂરોને મુક્ત કરાવ્યા હતા.

વડવાસા ગામે માતાજીની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામે ભગવતી મહાકાલી માતા મંદિરે આજે તા. ૪ થી ૬ ડિસેમ્બર-૨૦૧૪ દરમિયાન માતાજીની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આ ધાર્મિક પ્રસંગે હોમ-હવન, યજ્ઞ, મહાપ્રસાદ, શોભાયાત્રા વગેરે કાર્યક્રમ યોજાશે. જેમાં આચાર્ય ભાવેશભાઈ શાસ્ત્રી શાસ્ત્રોક વિધિ અનુસાર હોમહવન કરીને માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરશે. આ મહોત્સવમાં ભાવિક ભક્તોને ધાર્મિક પ્રસંગનો લાભ લેવા આયોજકોએ આમંત્રણ પાઠવ્યુ છે.

કચ્છમાં પાણીની અછતની સામે આગોતરાં આયોજનની સમીક્ષા

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કચ્છ જિલ્લામાં ઓછા વરસાદને કારણે ઉભી થયેલી પીવાના પાણીની અછતના સંદર્ભમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કચ્છમાં વધારાનો પાણીનો જથ્થો પુરો પાડવાના આગોતરા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આનંદીબેને પાણીની આ અછતને પહોંચી વળવા તથા નાગરિકો અનેપશુધનને પર્યાપ્ત માત્રમાં પાણી મળી રહે તે માટે ૧૮૨ નવા ટ્યુબવેલ બનાવવાના આયોજન સામે ૧૦૯ પૂર્ણ થઈ ગયા છે તેના સહિત ઉચ્ચ ઈજનેરી કૌશલ્યના સફળ પ્રયોગરુપે ભચાઉ નજીક નવો સમ્પ બનાવીને વોટર ગ્રેવિટી દ્વારા ૩૬ કિમી લાંબી પાઈપલાઈનથી વર્ષામેડી સુધી વધારે પાણીનો પુરવઠો પહોંચાડી ૧૭૫ એણએલડી પાણીના પુરવઠાના આયોજનની તલસ્પર્શી વિગતો મેળવી હતી. પાણી પુરવઠા મંત્રી વિજય રુપાણી અને રાજ્યમંત્રી જયેશભાઈ રાદડિયા ઉપરાંત પાણી પુરવઠા, નર્મદા નિગમ, જળસંપત્તિ પ્રભાગના વરિષ્ઠ સચિવો તથા મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ અને સચિવ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત તમામ ગામોને પાણી પુરતુ અને સમયસર મળી રહે તે માટે પ્રત્યેક યોજનાઓના સમગ્ર પાસાઓનું સંકલન કરવાની ખાસ તાકિદ કરી હતી. સૌરાષ્ટ્ર કચ્છમાં નાવડા-માળિયા ખાતે ૧૨૫૦ એમએલડી પમ્પિંગ વધારીને ૧૫૦૦ એમએલડી કરવાનું સઘન આયોજન વિભાગે કર્યું છે. કચ્છના ત્રણ તાલુકા અબડાસા, લખપત અને રાપરમાં પચાસ ટકાથી ઓછો વરસાદ થયો હોઈ પાણીની અછતના સંજોગોમાં પશુધન અને માનવ વસ્તીને પાણી પહોંચાડવા સહાયત સમ્પની મશીનરીમાં બદલાવ કરી ક્રમશઃ તમામ સમ્પમાં આધુનિક મશીનરી ઈન્સ્ટોલ કરવા પણ પાણી પુરવઠા વિભાગે કામગીરી ઉપાડી છે.

અડવાણી આજે અમદાવાદ પહોંચશે : ભરચક કાર્યક્રમો

બપોરે બે વાગે અમદાવાદ આવનાર અડવાણી સાંજે સાત વાગે દિલ્હી પરત ફરી જશે : રાજકીય મિટિંગ નહીં થાય

અમદાવાદ, તા.૩

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ટ નેતા અને ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના સાંસદ લાલકૃષ્ણ આડવાણી આવતીકાલે ૪થી ડિસેમ્બરે અમદાવાદની એક દિવસની મુલાકાત દરમિયાન જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપશે. ગુરુવારે બપોરે બે વાગે અમદાવાદ આવી પહોંચનાર લાલકૃષ્ણ અડવાણી તેના અર્ધા દિવસના ભરચક કાર્યક્રમોમાં હાજરી આપી સાંજે સાત વાગે દિલ્હી પરત ફરશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ હવાઈ મથકે ઉતર્યા બાદ અડવાણી સીધા ખોરજ ખોડિયા જશે જ્યાં વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે યોજાયેલા સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે થનારા લોકાર્પણ સમારોહમાં શહેરી ગૃહનિર્માણ વિભાગનો સ્વતંત્ર હવાલો સંભાળવનાર રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી, અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલ, ઔડાના ચેરમેન ધર્મેન્દ્ર શાહ, મ્યુનિસિપલ કમિશનર ડી થારા સહિત સાંસદ પરેશ રાવલ, ડો. કિરીટ સોલંકી તથા ધારાસભ્યો હાજર રહેશે. વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપનારા અડવાણી બપોરે ચાર વાગે જાસપુર ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઓર્ગેમેન્ટેશન કરવાના કામના લોકાર્પણ પ્રસંગે તથા બપોરે ૪.૧૫ કલાકે ઔડા દ્વારા નિર્માણાધિન મકાનોના કોમ્પ્યુટર ડ્રોના કાર્યક્રમમાં પણ ભાગ લેશે. અમદાવાદની મુલાકાત દરમિયાન અડવાણી કોઈ રાજકીય બેઠક કરશે નહીં અને પક્ષમાં તેમના શુભેચ્છક નેતાઓ તથા કાર્યકરોને પણ મળવાનું ટાળશે. કોઈપણ પ્રકારનો રાજકીય વિવાદ ન થાય તેની કાળજી રાખી અડવાણી સાંજે સાતની ફ્લાઈટમાં દિલ્હી પરત ફરશે.

ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળનો છબરડો સપાટીએ

ધોરણ ૭ સેમ-૨ના હિન્દીના પુસ્તકમાં ૩૩ પાના વિના જ ૫૦ હજાર કોપી છાપી દેવાતા પુસ્તકમંડળ વિવાદમાં

અમદાવાદ, તા. ૩

પોતાની ભુલો અને છબરડા માટે જાતીતુ બનેલ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ વધુ એક વિવાદમાં સપડાયું છે. કારણ કે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પાઠ્યપુસ્તકમાંથી સુધારાના ૩૩ પાના જ ગાયબ થઈ ગયા છે. હદ તો ત્યારે થઈ જ્યારે આટલા મોટા ગંભીર છબરડાની ગંધ સુદ્ધા પાઠ્યપુસ્તક મંડળને આવી નહીં અને એક સાથે ૫૦૦૦૦થી વધુ કોપીઓ પણ છપાવી દીધી.

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ અને છબરડા અથવા વિવાદ આ શબ્દો જાણે કે એકમેકના પર્યાય બની ચુક્યા છે જેથી હવે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત કરાતા પુસ્તકોમાં નાની-મોટી ભુલો તરફ તો લોકો વિદ્યાર્થીઓ ધ્યાન પણ આપતા નથી પરંતુ રાજ્યમાં એકથી સાત ધોરણ સુધીના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવાની મહત્વની જવાબદારી ધરાવતા આ પુસ્તક મંડળે એક પુસ્તકમાંથી આખેઆખા ૩૩ પાના જ ગળચાવી દીધા છે. મળતી માહિતી મુજબ ચાલુ વર્ષે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ સાતના બીજા સેમેસ્ટરનું પાઠ્યપુસ્તક સુધારા સાથે પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકમાં અભ્યાસક્રમમાં સુધારાના આખા ૩૩ પાના જ આપવાનું પાઠ્યપુસ્તક મંડળ ભુલી ગયું હોય તેમ આ પાના વિના જ પુસ્તક પ્રકાશિત કરી દેવામાં આવ્યું છે. હદ તો ત્યારે થઈ જ્યારે આટલી ગંભીર ભુલ પાઠ્યપુસ્તક મંડળના કોઈપણ અધિકારી કે કર્મચારીને ધ્યાનમાં પણ આવી નહીં અને આ નવા સુધારાના ૩૩ પાના વગર જ પાઠ્યપુસ્તકની ૫૦ હજારથી વધુ કોપીઓ છપાવી દેવામાં આવી છે ત્યારે જો હવે આ પુસ્તક રદ કરીને બાજુ પાઠ્યપુસ્તક છાપવામાં આવે તો આ વધારાના આર્થિક ખર્ચ માટે જવાબદાર કોને ગણવા તેમજ નવું પુસ્તક આવતા સુધી વિદ્યાર્થીઓએ અભ્યાસ કઈ રીતે કરવો જેવા પ્રશ્નો ઉભા થયા છે ત્યારે લોકોના કરોડો રૂપિયાનો આ રીતે વ્યય અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત પાઠ્યપુસ્તક મંડળ ક્યારે બંધ કરે છે તે જોવું રહ્યું.

સ્પીડે દોડતા ભારે વાહનો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બાઈક ચાલકોને કનગડતી પોલીસ રાત્રીના સમયે ક્યાં અદૃશ્ય થઈ જાય છે તે પ્રશ્ન આ વિસ્તારના નાગરિકોને અકળાવી રહ્યો છે. કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલા આ રોડ પરથી ભારે વાહનોના ટ્રાફિકને અન્યત્ર ડાઈવર્ટ કરાય અથવા સ્પીડ બ્રેકર્સ મુકી રાત્રીના સમયે ટ્રાફિક પોલીસની ડ્યુટી લગાડાય તેવી આ વિસ્તારના રહીશોમાં તીવ્ર માંગણી ઉઠવા પામી છે.

શબ્દાવલી - ૫૫૭૯

૧	૨	૩	■	૪	૫	૬	૭
૮			૯	■	૧૦		
	■	૧૧				■	
૧૨	૧૩		■	■	■	૧૪	
૧૫		■	૧૬		૧૭		■
■	૧૮	૧૯		■	૨૦		૨૧
૨૨			■	૨૩		■	
૨૪			■	૨૫			

આડી ચાવી

૧. હતાશા, નાઉમેદી (૩)
૪. જેનો કોઇ જવાબ નથી તેવું (૪)
૮. શ્રીરામના ચરિત્રનું નાટક(૪)
૧૦. નર્ક, જહન્નમ (૩)
૧૧. મનુષ્યમાં અધમ હોય તે(૪)
૧૨. બાધા, આખડી (૩)
૧૪. મહિનો (૨)
૧૫. પાણી, જળ (૨)
૧૬. ઉગ્ર જિજ્ઞાસા, ચટપટી(૪)
૧૮. ભુલ, ચુક (૩)
૨૦. કરિયાણું (૩)
૨૨. મીઠાઇના ચકતા કે ટૂકડા(૩)
૨૩. દાવ, મોકો (૨)
૨૪. કૃમિ, કરમીયા (૩)
૨૫. અભ્યાસ (૪)

ઊભી ચાવી

૧. અભિમાન વગરનું (૫)
૨. રઘુપતિ રાઘવ રાજા... (૨)
૩. શાલીન હોવું તે (૪)
૫. જન્મ (૩)
૬. સોમ-મંગળ-બુધ વગેરે... ના નામ છે (૨)
૭. ફાલતુ, ઠીક (૪)
૮. વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ મેચનો બેટ્સમેન - કપ્તાન (૨)
૧૩. સિંહ જેવો વીરપુરૂષ (૫)
૧૪. શરીર પર મસાજ કરે તે(૩)
૧૬. વાળ, વાયર (૨)
૧૭. વૈરાગી સ્ત્રી (૪)
૧૯. સેલ્યુટ, સલામી (૩)
૨૧. દૃષ્ટિ (૩)
૨૨. બોર્ડ પર લખવા... જોઇએ (૨)
૨૩. ફાયદો (૨)

શબ્દાવલી ૫૫૭૮ના જવાબ

આડી ચાવી :- (૧) મહેર (૩) લખેશરી (૬) હોમ (૭) ડંસ (૮) રામ (૯) બડીફજર (૧૧) રજકો (૧૨) કાતર (૧૪) વિસ્તાર (૧૫) જીત (૧૬) મરૂ (૧૭) વિમા (૧૮) વડારણ (૨૦) મોકાણ (૨૧) શકોરૂ

ઊભી ચાવી :- (૧) મહોર (૨) હેમ (૩) લસફ (૪) શરારત (૫) રીમ (૭) ડંડીકો (૯) બજર (૧૦) જકાત (૧૧) રસ્તા (૧૩) રમમાણ (૧૪) વિનવણી (૧૫) જીરૂ (૧૬) મણકો (૧૭) વિકાસ (૧૯) રશ

કંપની સમાચાર

મોન્ટે કાર્લો ફેશન્સ લિમીટેડના ઈશ્યુને મળતો અભૂતપૂર્વ પ્રતિસાદ

પંજાબના લુધિયાણા સ્થિત મોન્ટે કાર્લો ફેશન લિમિટેડ પ્રત્યેક રૂ. ૧૦ની કિંમતના ૫૪૩૩૦૧૬ ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લીક ઓફર આજે ૩ ડિસેમ્બરના રોજ ખુલ્લો મુકાયો હતો. જેની પ્રાઈસ બીડ રૂ. ૬૩૦ થી ૬૪પની રખાઈ છે. ઓછામાં ઓછા ૨૩ અને પછી ૨૩ના ગુણાંક શેર માટે બિડ કરવાની ઓફર છે.

જો કે બજારના સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ આજે ઈશ્યુ ખુલવાના દિવસે જ શેરનું પ્રિમીયમ અંદાજે રૂ. ૨૦૦ થી ૨૫૦ બોલાયું હતું. જે ઈશ્યુ ઓફર કિંમતની સરખામણીએ સારું એવું કહી શકાય. એટલું જ નહિ ફોર્મના પણ રૂ. ૯૦૦ થી રૂ. ૧૦૦૦નો ભાવ બોલાતો જાણવા મળ્યો હતો. એકંદરે બજારમાં ગારમેન્ટ ક્ષેત્રે ખુબ મોટું નામ ગણાતું મોન્ટે કાર્લોનો ઈશ્યુ અત્યારના સમયમાં ભરવા જેવો કહી શકાય.

કંપનીનો આ ઈશ્યુ ૨૨ ડિસેમ્બરના રોજ બંધ થાય છે. કંપનીનું ફંડામેન્ટલ જોતા બહુ ઊંચું પ્રિમીયમ મળી શકવાની શકયતા રહેલી છે. અગાઉ ગ્રે માર્કેટમાં જે પ્રથમ દિવસે પ્રિમીયમ બોલાયું હતું તે જ પ્રિમીયમ ફરી વખત બોલાવા લાગતા પ્રમોટરો સહિત શેરબજારના રોકાણ કારોમાં ખુશી પ્રવર્તી રહી છે.

જાહેર નિવિદા

માસિક ભાડાથી વાહનની સુવિધા (ડ્રાયવર સાથે) પુરી પાડવા અંગે

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની સ્વાયત સંસ્થા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતમાં વાહનની સુવિધા (ડ્રાયવર સાથે) પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી તા. ૧૯/૧૨/૨૦૧૪ સુધીમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) તા. ૪/૧૨/૨૦૧૪થી સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ કલાકની વચ્ચે તા. ૧૫/૧૨/૨૦૧૪ સુધીમાં 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ઉજો માળ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર' કચેરીના સરનામેથી રૂબરૂ મેળવવાના રહેશે. અને સાથે રૂ. ૧૦૦૦/-નો નોન રીફંડેબલ ડ્રાફ્ટ 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત' પેયેબલ એટ ગાંધીનગરનો ડ્રાફ્ટ નોન રીફંડેબલ ટેન્ડર ફી પેટે જમા કરાવીને રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીનો રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સી / પ્રતિનિધિ કચેરીની રૂબરૂ મુલાકાત લઈને સુમાહિતગાર થઈ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર ફોર્મ કચેરીના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને **તા. ૧૯/૧૨/૨૦૧૪**ના સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

માહિતી/૧૮૩૯/૨૦૧૪-૧૫ **મુખ્ય કારોબારી અધિકારી-ડી-સેગ**

ટચૂકડી જાહેર ખબર

MNC Expanding in Gujarat Dynamic people invited for Business Opportunity

Call : 98240 97870

ગાડી લે-વેચ માટે મળો

I-10 હુન્ડાઈ, મોડલ-૨૦૧૦, કિલોમીટર-૮૪,૦૦૦, વન ઓનર
● મારૂતિ ઝેન, મોડલ-૨૦૦૫, કિલોમીટર ૬૬,૦૦૦, વન ઓનર
● સેવરોલેટ સેલ (પેટ્રોલ) CNG, મોડલ-૨૦૧૪, કિલોમીટર-૧૫,૦૦૦
● મારૂતિ ઓમની, મોડલ-૧૯૯૯, કિલોમીટર-૧,૦૦,૧૦૦, થર્ડ ઓનર

મો. ૯૮૨૪૩ ૪૫૨૦૧